https://www.divyabhaskar.co.in/local/gujarat/ahmedabad/news/edii-organizes-sports-and-drawing-competitions-for-the-differently-abled 130636360.html?_branch_match_id=1051093382311104573&utm_campaign=130636360&utm_medium=sharing&_branch_referrer=H4sIAAAAAAAAA8soKSkottLXT8ksq0zUTdLLzNP39%2FcLssw0Mi0qSwIAG3CNSR4AAAA%3D

# આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ:ઇડીઆઇઆઈએ દિવ્યાંગજનો માટે રમતગમત અને ચિત્રસ્પર્ધાઓનું આયોજન કર્યું

અમદાવાદ3 દિવસ પહેલા

આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઈ)અમદાવાદનાં સેન્ટર ફોર એમ્પાવરમેન્ટ ઓફ ડિફરન્ટલી એબલ્ડ (સીઇડીએ – દિવ્યાંગ સશક્તિકરણ કેન્દ્ર)એ શુક્રવારે આંતરરાષ્ટ્રીય દિવ્યાંગજન દિવસની પૂર્વસંધ્યા પર દિવ્યાંગજનો માટે રમતગમત અને ચિત્રસ્પર્ધાઓનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે રાજિન્દર સિંઘ રહેલુ અને સચિન ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં.

સીઇડીએને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ડિરેક્ટોરેટ ઓફ સોશિયલ ડિફેન્સ અને ગુજરાત સ્ટેટ હેન્ડિકેપ્ડ ફાઇનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશનનો ટેકો મળે છે. દિવ્યાંગજનોના વિકાસ માટે કામ કરતું આ કેન્દ્ર તેમની રોજગારદક્ષતા સાથે સંબંધિત કુશળતાઓ વધારે છે,ઉદ્યોગસાહસિકતા માટે ક્ષમતા વિકસાવે છે અને સામાજિક રીતે પ્રસ્તુત આવક પેદા કરતી પ્રવૃત્તિઓ હાથ ધરે છે, સ્વતંત્ર જીવન, આજીવિકા અને સામુદાયિક સંબંધ માટે સશક્તિકરણને પ્રોત્સાહન આપે છે.

આ કાર્યક્રમમાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી 77 ખેલાડીઓ (56 પુરુષો, 21 મહિલાઓ)સહભાગી થયાં હતાં.કાર્યક્રમમાં બેડમિન્ટન, કેરમ, ચેસ અને ટેબલ ટેનિસ જેવી રમતો સામેલ હતી.આ કાર્યક્રમમાં 5 સહભાગી શાળાઓના 35 વિદ્યાર્થીઓ ચિત્રસ્પર્ધામાં

સામેલ થયાં હતાં. આ શાળાઓ હતી – બહેરા અને મૂંગા માટેની શાળા, અમદાવાદ; અપંગ માનવ મંડળ, અમદાવાદ (કુમાર શાળા) ; અપંગ માનવ મંડળ, અમદાવાદ (કન્યા શાળા); કે એસ દેઢિયા મૂક બધિર વિદ્યા મંદિર અને સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યા મંદિર.આ કાર્યક્રમોના વિજેતાઓને આજે આંતરરાષ્ટ્રીય દિવ્યાંગજન દિવસની ઉજવણી કરવા બિરદાવવામાં આવશે.